# ચીતરેલો મોર

— રતિલાલ સાં. નાયક

એક વાંસળીવાળો હતો.

વાંસળીનો ભારે શોખીન. જિંદગી બધી વાંસળી ઉપર કુશળતા મેળવવામાં જ ગાળેલી. એના પરિણામે એને એવી તો સરસ વાંસળી વગાડતાં આવડે કે સાંભળનાર દંગ જ રહી જાય.

એ બીજો કામધંધો કંઈ ન કરે. એને બીજું સગુંવહાલું પણ નહિ. સાવ એકલરામ. એકલા એનું જ પેટ ભરવાની ચિંતા અને એ માટે તો કોઈ ખવરાવે તો ખાય ને નહિ તો વાંસળી વગાડવાનો આનંદ જ એને પૂરતો થઈ પડે.

એને ઘરબાર પણ નહોતાં. ધર્મશાળાના ઓટલે સૂઈ રહે. કોઈએ રજાઈ આપેલી તે રાતના ઓઢે ને દિવસના એનો વીંટો વાળી એક બાજુ મૂકી રાખે.

વાંસળીથી આનંદ પામી કોઈ એને પાઈ પૈસો આપવા પ્રયત્ન કરે તો એ ચિડાઈ જાય. પોતાની કળાના પૈસા લેવા એને બિલકુલ ન ગમે.

એક વેળા એ જે ધર્મશાળાના ઓટલે સૂતો હતો તેની સામેના વીશીવાળાએ આ વાંસળીવાળાની વાંસળીના બોલ સાંભળ્યા. એને એ વાંસળીવાળાને મદદ કરવાનું મન થયું.

વીશીવાળાએ વાંસળીવાળાને કહ્યું, 'તમે તમારી કળા બદલ કશું મૂલ્ય નથી લેતા એ જાણ્યું છે છતાં મારે તમારા ઉપરનો મારો પ્રેમ વ્યક્ત તો કરવો જ છે. તો તમે મારી એક માગણી ન સ્વીકારો ?'

'શી ?' વાંસળીવાળાએ પૂછ્યુ.

'આજથી તમે કાયમ માટે મારે ત્યાં જ જમતા રહો તો ! તમારી સ્વતંત્રતા મારે ઝૂંટવી લેવી નથી. એટલે જ્યારે તમારી ઇચ્છા થાય ત્યારે આવવું ને જે ભાવે તે ખાઈ લેવું.'

વાંસળીવાળાએ પહેલાં તો બહુ આનાકાની કરી, પણ પછી જ્યારે એણે જોયું કે વીશીવાળો ખરેખરા હૃદયથી કહે છે ત્યારે એના એ ઉમળકાને આઘાત પહોંચાડવો એને ઠીક ન લાગ્યો.

અને એ પ્રમાણે પેલો વાંસળીવાળો દિવસના કોઈ વાર એક વાર તો કોઈ વાર બે વાર એમ પોતાની ઈચ્છા મુજબ આ વીશીમાં જમવા લાગ્યો.

એમ કરતાં કરતાં ત્રણેક મહિના થઈ ગયા.

હવે પેલા વાંસળીવાળાને શહેર છોડી બીજે શહેર જવાનું મન થયું. એને વિચાર આવ્યો, ‘મેં પેલા વીશીવાળાને ત્યાં ત્રણ મહિના ફક્ત ખાધું છે, તો મારે એનો કાંઈ બદલો વાળી આપવો જોઈએ.’

એટલે એણે વીશીવાળા પાસે જઈને કહ્યું, ‘મિત્ર ! તમે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હવે હું લાંબા સમય માટે આ શહેર છોડી જવાનો છું. તમને કંઈક બદલા તરીકે આપી જવા માગું છું.’

એમ કહીને તેણે ખિસ્સામાંથી એક પીળા રંગની ચાકની લાકડી કાઢી અને એના વડે વીશીવાળાની વીશીના અંદરના મોટા ઓરડાની ભીંત ઉપર ચિતરામણ ચીતરી એમાં ડાળીએ ઝૂલતો એક મોટો મોર ચીતરી કાઢ્યો.

ધોળી દીવાલ અને સુંદર દેખાવમાંનો પીળો મોર—સરસ શોભી ઊઠયાં. જોનાર દંગ રહી જાય.

પછી એણે વીશીવાળાને કહ્યું, ‘તમે ઈચ્છશો ત્યારે દિવસમાં ગમે ત્યારે એક વખત આ મોરને નચાવી શકશો. તમારે એને નચાવવાની ઇચ્છા થાય ત્યારે ત્રણ તાલી પાડવી કે તરત એ નાચવા લાગશે, અને એ વખતે તમે લોકોને જોવા નોતરજો. જોવાની ફી રાખજો ! એને દિવસમાં એકથી વધારે વાર કદી ન નચાવશો.’

વીશીવાળો તો અત્યંત ખુશ થઈ ગયો. વાંસળીવાળો એ શહેર છોડી બીજે શહેર ચાલી ગયો.

હવે વીશીવાળાએ પેલા પીળા મોરના નાચના એક પછી એક ખેલ રાખવા માંડયા. એને એથી ખૂબ કમાણી થવા માંડી.

સૌ કોઈ આ મોરનો નાચ જોતાં ને અદ્ભુત દૃશ્યથી આનંદમાં ગરકાવ થઈ જતા.

એમ કરતાં વાત નગરના રાજાના કાને આવી.

રાજાને એ પીળા મોરનો નાચ જોવાનું મન થયું.

એ તો ઊપડયા વીશીવાળાને ત્યાં અને હુકમ કર્યો, ‘નચાવ તારા મોરને. માગે તેટલી ફી આપીશ’. વીશી વાળાએ બે હાથ જોડી અત્યંત નમ્રતાથી કહ્યું, ‘મહારાજ ! આજે સવારે જ મેં મોરને નચાવ્યો છે. એટલે હવે આજે તો એ નહિ નાચી શકે.’

‘કેમ ?’

‘નામદાર ! દિવસમાં એ એક જ વેળા નાચે છે.’

‘એ નહિ ચાલે. મારી ખાતર તું એને આજે બે વાર નચાવ. બમણી ફી લે.’

ને એક બાજુ રાજહઠ અને બીજી બાજુ વીશીવાળાનો ધનલોભ. એ બેનું પરિણામ એ આવ્યું કે વીશીવાળાએ એ દિવસે બીજી વાર નાચવા મોરને હુકમ કર્યો.



પણ એની ત્રણ તાલી એમની એમ રહી ગઈ ને મોર તો હતો એમ ચિતરામણમાં જ રહ્યો. એ બહાર ન નીકળ્યો ને એણે નાચ પણ ન કર્યો.

રાજા ધૂંવાંપૂંવાં થઈ વીશી છોડી રાજમહેલમાં ચાલ્યો ગયો.

વીશીવાળાની રોજના નાચની કમાણી અટકી.

બનવાકાળ તે એ જ સાંજે પેલો વાંસળીવાળો આ નગરમાં પાછો ફર્યો. એને પેલા જાદુઈ મોરની ખૂબ યાદ આવી હતી. એ ખબર લેવા આવ્યો હતો.

પણ વીશીમાં આવીને જ્યારે એણે રાજાના હઠાગ્રહ વિશે અને વીશીવાળાના લોભને વિશે જાણ્યું ત્યારે એને મનુષ્ય–સ્વભાવની આવી નબળાઈઓ ઉપર ખૂબ લાગી આવ્યું.

એણે વીશીવાળાને કહ્યું, 'આવો દેવતાઈ મોર તમારા જેવા લોકો માટે નથી. હું એને મારી સાથે લઈ જાઉં છું.'

પછી એણે કેડેથી વાંસળી કાઢીને વગાડી અને એના સૂર નીકળ્યા ત્યાં તો વીશીની દીવાલમાંથી મોર બહાર નીકળી આવ્યો. દીવાલ ઉપરનું ચિત્રામણ ચાલ્યું ગયું. વાંસળીવાળો આગળ અને મોર પાછળ એમ એ બંને જણ આ નગર છોડી ગયા.

વીશીવાળાને ઘણો પસ્તાવો થયો પણ હવે એ શું કરી શકે !

રાજાને પસ્તાવો થયો હશે કે નહિ એ તો કોણ જાણે !

હા, પેલા મોરને આનંદ હતો કે એ બંધનોમાંથી છૂટ્યો હતો !

■